- સોંસરવું નીકળવું - મુશ્કેલીમાંથી સફળ રીતે બહાર આવવું
- આંખો ફાટી જવી - આશ્ચર્યચકિત થઈ જવું
- પેટ દેવું - મનની વાત કહેવી
- હડી કાઢવી - દોટ મૂકવી
- એકના બે ન થવું - વાત પર મક્કમ રહેવું
- બે ઘોડે વાટ જોવી - આતુરતાથી રાહ જોવી
- જીવતરનાં દાન દેવાં - કુરબાન થઈ જવું
- મોળું ઓહાણ આપવું - માણસ નાહિંમત બને , ઢીલો પડે એવું કહેવું , કમજોર કરવો
- અર્ધઅર્ધા થવું - ચિંતાતુર થવું
- ખાટુંમોળું થવું - બગડી જવું , ફરક પડવો
- થાકીને લોથ થઈ જવું - અતિશય થાકી જવું
- હાંજા ગગડી જવાં - ખૂબ ગભરાઈ જવું , હિંમત ખતમ થઈ જવી
- ઘોડા ઘડવા - આયોજન કરવું , વિચારવું
- ચકિત થઈ જવું - આશ્ચર્ય પામવું ચાલતા થવું - મૃત્યુ પામવું
- પગ જડાઈ જવા - સ્તબ્ધ થઈ જવું , સ્થિર થઈ જવું
- આંખો ભીની થવી - લાગણીશીલ થઈ જવું
- દાઝ ચઢવી - ગુસ્સો આવવો
- આચરણમાં મૂકવું - પાલન કરવું, અમલમાં મૂકવું
- ઘી કેળાં હોવાં - પૈસાદાર હોવું, માલામાલ હોવું
- અરેરાટી અનુભવવી - ત્રાસી જવું, દુ:ખ અનુભવવું
- આર્થિક સંકડામણ હોવી - આર્થિક તકલીફ હોવી, ગરીબ સ્થિતિ હોવી
- નવનેજાં પડવાં – ખૂબ તકલીફ પડવી
- હૃદય દ્રવી ઉઠવું - ખૂબ જ દુ : ખી થવું
- સત્તર પંચા પંચાણું - અજ્ઞાની પ્રજાને છેતરવા માટે પ્રયોજાતું ખોટું ગણિત
- કદર કરવી - લાયકાત જોઈ યોગ્ય બદલો આપવો, મહત્ત્વ સમજવું
- માથે હાથ ફેરવવો - આશિષ આપવા, કાળજી લેવી
- હાથ દેવો - સહારો આપવો, હૂંફ આપવી
- સૂગ હોવી - ચીતરી ચડવી, ચીડ ચઢવી
- મનના મેલા હોવું - ખરાબ દાનતના હોવું
- હૃદય છલકાઈ જવું - આનંદિત થઈ ઊઠવું
- શિખરો સર કરવાં - સફળતા પ્રાપ્ત કરવી
- ધ્વજ ફરકાવવો - વિજય મેળવવો
- ઓળઘોળ થઈ જવું – ન્યોછાવર થઈ જવું
- ઉતારી પાડવું – માનભંગ કરવો

- ગળે ઊતરવું – સરળતાથી સમજાઈ જવું
- ટાંટિયા વાળી લેવા - અપંગ બનાવવું
- હૈયું ઉઝરાડવું – મનમાં પ્રબળ વેદના થવી
- આતમાને ઓગાળી નાખવો –સ્વમાન ગુમાવી દેવા
- મોળા પડી જવું – ઉત્સાહ ઓછો થવો
- તુરિયાનો તાર જાગી જવો – સમજણશક્તિનો ઉદય થવો
- હૃદય ખોલવું – મનની વાત કોઈકને કહેવી
- આંખો ભરાઈ આવવી – રડી પડવું, આંખમાં આંસુ આવવા
- કારગત નીવડવું – સફળ થવું
- વાણી ખોવાઈ જવી – મૌન થઈ જવું
- ગજ ગજ છાતી ફૂલવી – ખૂબ આનંદિત થવું
- નિશાન ઊંચું રાખવું – લક્ષ્ય કે ઉદ્દેશ્ય ચડિયાતું રાખવું
- હાડમાંસ ગાળી નાખવાં – શરીર તદ્દન નિર્બળ થઈ જવું
- હૈયે જડાઈ જવું – હૈયામાં યાદ રહી જવું
- ઠેકાણે પાડી દેવું – મારી નાખવું
- ભારે હૃદયે - દુ : ખી હૃદયે
- આંખ ભીની થવી - લાગણીસભર થવું
- મોંમાં ઘી-સાકર - સુખદ આભારની લાગણી વ્યક્ત કરવી
- માથું ધુણાવવું - માથું હલાવી ' હા ' કે ' ના'નો ઈશારો કરવો
- રમણે ચડવું – જોસમાં આવવું
- શોખ વળગવો-મનગમતી વસ્તુની ચાહ કે ઇચ્છા થવી
- કારભાર હાથમાં આવવો–વહીવટ સંભાળવાની જવાબદારી આવી પડવી
- ઝપાટા મોઢે વધ્યે જવું – ખૂબ ઝડપથી મોટા થવું
- સારાં-મોળાં ઓહાણ આવવાં – સાચા-ખોટા વિચાર આવવા
- મન પાછું પડવું – હા ન પાડવી, કબૂલ ન થવું
- ઉપાધિનો પાર કરાવી મૂકવું –મુશ્કેલીમાં આવી પડવું
- ગજર ભાંગવો - (અહીં) સમય પૂરો થવો
- બાથમાં ઘાલવું- ભેટવું, આલિંગન આપવું
- ઘોડીને રમતી કરવી – ઘોડીને દોડતી કરવી
- મૂંઝવણના વમળમાં ફસાવું - મૂંઝવણથી ઘેરાઈ જવું
- કાહરી ન ફાવવી – કરામત કે કુશળતા વ્યર્થ જવી, નાઇલાજ થઈ જવું
- કળી જવું – સમજાઈ જવું
- જીવની જેમ જતન કરવું - વહાલથી કે મનથી સંભાળ લેવી
- દીએ ન વધે એટલી રાતે વધે ને રાતે નો વધે એટલી દીએ વધે – ખૂબ ઝડપથી મોટા થવું
- લીલાલહેર કરવી – મોજમજા કરવી
- મનનો ભાર હળવો કરવો– ચિંતા દૂર કરવી
- છોકરમત કરવી –બાળક જેવી હઠ પકડવી

- બોર આંસુ સરી પડવાં –બોર જેવડાં આંસુ સરી પડવાં, પુષ્કળ રડવું
- ટેકો ખોવો - આબરૂ ગુમાવવી
- ખોબો કાણો હોવો –ગરીબાઈ હોવી
- ચિડાઈ ઊઠવું- ગુસ્સે થવું
- આતમાને ઓગાળી નાખવો-માનપાન | સ્વમાન ગુમાવી દેવાં 4.
- પાણી કરી દેવું – બરબાદ કરી દેવું
- અસહ્ય થઈ પડવું – સહન ન થવું
- તરણા તોલે હોવું – તદ્દન તુચ્છ હોવું, વિસાત વિનાનું હોવું
- પેટિયું ન લેવું - ધર્માદામાં અપાતું અનાજ ન લેવું
- મોટાઈ માથે ચડાવવી – મહાનતાને માન આપવું
- કપાળેય કાણું હોવું - કમભાગી કે કમનસીબ હોવું
- દમ નીકળી જવો - થાકી જવું
- કાળજાને ખોતરી ખાવું – હૃદયને દુઃખ પહોંચાડવું
- મેઘરાજાએ ઊંઘી જવું - વરસાદ ન થવો
- મોતનો વરસાદ વરસી રહેવો–પુષ્કળ માણસોનાં મૃત્યુ થવાં
- પગ ઉપાડવો-ઝડપથી ચાલવું
- ડોક ફેરવવી – પાછળ વળીને જોવું
- આગ ભરી આંખે – ક્રોધથી ધૂંઆપૂંઆ થતી આંખે
- કાંઈ ન વળવું - કાંઈ ફાયદો ન થવો
- હાથ ઉગામવો – મારવા માટે હાથ ઉપર કરવો
- ડૂસકું નીકળી પડવું-રડતાં રડતાં અવાજ રૂંધાવો
- જીવ ખોવો-મૃત્યુ થયું
- અવાજ ઢીલો પડવો –મનથી નિર્બળ થઈ જવું, બોલવાની શક્તિ ન હોવી 6.
- જીવ ખાવો – જિદ કરવી, હઠ કરવી
- ભાનમાં આણવું - ભાનમાં લાવવું
- પીછો ન છોડવો – સતત આગ્રહ રાખવો
- કંઠી બંધાવવી – ગુરુ પાસેથી ધર્મની કંઠી પહેરાવવી
- ગુજરી જવું–મૃત્યુ પામવું, દેવલોક થવું
- કારસો ઘડવો–પ્રપંચ કરવો, યુક્તિ કરવી
- ગંધ આવવી – અણસાર આવી જવો, ખબર પડી જવી
- ડોકું હલાવવું – સંમતિ આપવી
- વાટો લાંબી પડવી – (અહીં) વરસવા માટેનું વાતાવરણ ન હોવું
- મકાન ઉઠાવવાં – ઘરબાર ખાલી કરવાં
- રેલ પથરાવવી – રેલવેના પાટા નંખાવવા
- નિસાસો પડવો - હૈયામાંથી હાય નીકળવી
- ધરમમાં રાખવો–વગર પૈસે મફતમાં
- (ધરમના નામે) રાખવો
- હાથ ન ધરવો – માગવું નહિ

- ભૂખે ટેકને ઠોકરે ચઢાવી –ભૂખને કારણે વ્રત | ટેકને ન જાળવવી
- લોચો વાળીને પડવું – (અહીં) ભૂખને લીધે ટૂંટિયું વાળીને બેસવું
- પગ ચાલુ જ હોવા - સતત ચાલતા જ રહેવું
- તૂટી જવું-મરી જવું
- ખાટા કરી મૂકવું – નારાજ થઈ જવું
- મહેરબાની ઊતરવી- કૃપા થવી, દયા દર્શાવવી
- ત્યાગ કરવો – છોડી દેવું
- કશું ન વળવું- કોઈ ફાયદો ન થવો
- વૈતરું કરવું-થાકી જવાય એટલી મજૂરી કરવી
- પેટે પાટા બાંધવા-ભૂખ્યા રહીને, જીવન-જરૂરિયાતો પર કાપ મૂકી જીવવું
- આછું પાતળું ખાવું - ઓછુંવત્તું ખાવું
- વર્ષ નબળું પડવું–પૂરતો વરસાદ ન થતાં સારો પાક ન થવો
- દરિદ્રતાને પણ શરમ આવે એવું હોવું – અતિશય ગરીબાઈ હોવી
- ભાંગી જવું – હતાશ થવું
- બારમું કરવું – મરનારના બારમા દિવસે શ્રાદ્ધક્રિયા કરવી
- પેટમાં ખાડા પડવા – ખૂબ ભૂખ લાગવી
- વેઠ કરવી – દિલ વિના ફરજિયાત કામ કરવું
- મોનો કોળિયો ઝૂંટવી લેવો – ગરીબની આવક ઉચાપત કરવી
- ગળે વાત ન ઊતરવી – સમજમાં ન આવવી
- તકાદો કરવો – ઉઘરાણી માટે દબાણ કરવું, ચાંપતી ઉઘરાણી કરવી
- દુઃખ રડવું - મુશ્કેલી જણાવવી
- પૈસા વસૂલ કરવા – પૈસા ચૂકતે કરવા
- અંગૂઠો પાડવો –ખત વગેરેમાં સહી તરીકે અંગૂઠાનું નિશાન કરવું 11.
- પૈસા ખોટા કરવાની દાનત ન હોવી – કરજ ન ચૂકવવાની ખરાબ વૃત્તિ ન હોવી
- દૂધે ધોઈને આપવું – પ્રામાણિકપણે આદરપૂર્વક આપવું
- ચોપડો જૂઠું ન વાંચે – ચોપડામાં લખેલો હિસાબ ખોટો ન હોવો
- લોહી ચૂસવું – આર્થિક શોષણ કરવું
- નાદ લાગવો – ધૂન લાગવી
- ઓળઘોળ થઈ જવું - ન્યોછાવર થઈ જવું
- જીવ ઊંચો થઈ જવો – ઉચાટ કે ચિંતા થવી
- નિશાન ઊંચું રાખવું-લક્ષ્ય કે ઉદ્દેશ ચડિયાતું રાખવું
- ચોકી કરવી – દેખભાળ રાખવી, નજર રાખવી
- માથું ધુણાવવું-માથું હલાવી 'હા' કે 'ના'નો ઇશારો કરવો
- ભેજામાં ભૂસું ભરાવું – મગજમાં ખોટો વહેમ ભરાવો
- વટ પડી જવો-મોભો કે પ્રતિષ્ઠા પ્રાપ્ત થવા
- હલ્લો કરવો –ગુસ્સે થઈ હુમલો કરવો
- ટાંકણાં ટોચવાં – સતત ટોકટોક કરવું
- ઊંબરે ઊભવું– અલગ થઈ જવું

- ખોટું લાગવું–માઠું લાગવું, દુઃખ થવું
- મોંમાં ઘી-સાકર-સુખદ આભારની લાગણી વ્યક્ત કરવી
- ભારે હૃદયે-દુઃખી હૃદયે
- આંખ ભીની થવી – લાગણીસભર થવું
- કરી છૂટવા તૈયાર રહેવું – મદદ કરવા તૈયાર રહેવું

**Download All Type PDF: https://pdfseva.com/**